सत्यमेव जयते

દાખલ તારીખ........... ૦૮/૦૮/૨૦૨૫
રજીસ્ટરે લીધા તારીખ... ૦૮/૦૮/૨૦૨૫
ફેંસલ તારીખ............ ૦૧/૦૫/૨૦૨૬

| સમયગાળો.......... | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૮ | ૨૩ |

**ઊંઝાના મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. ઊંઝા.**

ક્રિમીનલ કેસ નં. ૮૯૯/૨૦૨૫.
આંકઃ ૨૦.

ફરિયાદીઃ– – શ્રી સરકાર.

**વિ રૂ દ્ધ**

આરોપીઃ– ૧. રમેશ ઉર્ફે ભોટી શંકરભાઇ અમથાભાઇ બજાણીયા,
રહે.કુંભારખાડ તળાવ જી.ઇ.બી. પાસે, મહેમદાવાદ, તા.મહેમદાવાદ, જી.ખેડા.
મૂળ રહે.આજોડ, લક્ષ્મીપુરા દેલવાડા રોડ પાણીની ટાંકી પાસે, તા.માણસા, જી.ગાંધીનગર.

**ગુનાનો ચાર્જઃ–** – ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબ...

ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી એસ. આર. કચ્છવા.
આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી એમ. એ. પ્રજાપતિ.

**––// જ જ મે ન્ટ //––**

(૧).. આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, '' આ કામના ફરીયાદી રમીલાબેન વા/ઓફ મહેન્દ્રભાઈ નરોતમદાસ પટેલ તારીખ ૨૫/૦૩/૨૦૨૫ ના રોજ સવારના આશરે સાડા દસેક વાગ્યાના સુમારે તેઓ ઉંઝા ખાતે બજારમાં શાકભાજી લ ેવા સારૂ નીકળેલા અને ઉંઝા બજારમાં આવેલ ચિરાગ મેડીકલ પાસેથી એક પીળા કલરની સી.એન.જી. રીક્ષા આવતા રીક્ષા ચાલકે રીક્ષા ઉભી રાખી તેમને કહેલ કે તમારે કયાં જવું છે જેથી

તેમને કહેલ કે ''મારે શારદા બંગ્લોઝ ખાતે જવાનું છે'' જેથી તેઓ ઉપરોકત રીક્ષામાં પાછળની સીટમાં એક મહિલા તથા એક પુરૂષ બેઠેલ હતા અને ડ્રાઈવર પાસે એક પુરૂષ બેઠેલ હતા અને રીક્ષામાં તેઓ ત્યાંથી બેસી ગયેલ અને રીક્ષા થોડી આગળ જઈને રીક્ષા ચાલકે કહેલ કે આગળના ટાયરમાં હવા ઓછી હોય તેની પાસ ` બેસેલ પુરૂષને પાછળની સીટમાં બેસવા સારૂ મોકલી આપેલ અને રીક્ષામાં તેઓ પાછળ કુલ ચાર જણા બેસેલ હોય અને તેમને મગનપરાના ઢાળે રીક્ષા ઉભી રાખી રીક્ષા ચાલકે કહેલ કે, ''મારે બીજા વિસ્તારમાં પેસેન્જર ઉતારવા જવાનું હોય તમો માજી અહીં ઉતરી જાઓ'' તેમ કહીને તેમને તેની રીક્ષામાંથી ઉતારી દીધેલ અને તેઓ રીક્ષામાંથી ઉતર્યા પછી જોયેલ તો તેમના ગળામાં પહેરેલ સોનાનો દોરો પેન્ડલ સાથેનો પોણા બે તોલા વજનનો તથા તેમના જમણા હાથમાં પહેરેલ સોનાની કડલી પણ જોવા મળેલ ન હોય જેથી તેમને પાછળથી ચોર ચોર બુમાબુમ કરેલી. પરંતુ, રીક્ષા ત્યાંથી જતી રહેલ અને તે રીક્ષા નંબર જોયેલ ન હતો અને આ બાબતે તેમણે તેમના પતિને જાણ કરતા તેઓ આવી જતા તેઓએ ઉંઝા શહેરમાં આ રીક્ષા બાબતેની શોધખોળ કરેલી અને તેમને દિકરો અમદાવાદ ખાતે રહેતો તેણે આવ્યા પછી તેણે સઘળી વાત કરતા તેઓએ તેમના પતિ સાથે ફરિયાદ આપેલ. આ તેમનો સોનાનો દોરો પેન્ડલ સાથેનો પોણા બે તોલા વજનનો જેની અંદાજીત કિંમત રૂા.૧,૫૦,૦૦૦/– તથા જમણા હાથમાં પહેરેલ સોનાની કડલી સવા તોલા વજનની જેની અંદાજીત કિંમત રૂા.૯૦,૦૦૦/– આમ કુલ મળી કિંમત રૂા. ૨,૪૦,૦૦૦/– ની આ રીક્ષા ચાલક તથા ત્રણ સવારી ભેગા

મળી તેમને રીક્ષામાં બેસાડી તેમની જાણ બાર તેમનો સોનાનો દોરો પેન્ડલ સાથેનો તથા સોનાની કડલી ચોરી કરી લઈ જઈ, ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ, ફરિયાદીએ ઊંઝા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સં હિતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબનો ગુનો નોંધેલ અને તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતાં સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨).. ત્યારબાદ, આરોપી મુદતે હાજર થતાં આરોપીને કેસ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી થયા બાદ ફરિયાદ તથા કેસ પેપર્સ વંચાણે લઈ, આરોપી વિરૂદ્ધ આંક–૦૮ થી તહોમતનામું ફરમાવી, આક્ષેપાયેલ ગુનો વાંચી સંભળાવી આરોપીનો આંક–૦૯ થી મુજબ જવાબ રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

આ કામે ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીએ આ બનાવના મુખ્ય ચાર્જશીટવાળા ક્રિ. કેસ. નં. ૪૮૨ /૨૦૨૫ ના કામે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો રજુ રાખેલ છે અને તે સિવાય તેઓ અન્ય કોઈ સાહેદ તપાસવા માગતા નથી તેવું જાહેર કરેલ છે. તેથી ફરીયાદપક્ષે આ કામે મુખ્ય ચાર્જશીટ વાળા ક્રિ. કેસ. નં. ૪૮૨/૨૦૨૫ ના કામે તપાસવામાં આવેલ સાહેદોના રજુ પુરાવા આધારે નિર્ણય કરવામાં આવેલ છે.

(૩).. ફરિયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા લેખિત પુરાવાઓ રજૂ થયેલ છે.

(એ) **મૌખિક પુરાવોઃ–**

૧. આંક–૧૪ થી ફરિયાદી પટેલ રમીલાબેન મહેન્દ્રભાઈની જુબાની.

(બી) **લેખિત પુરાવોઃ–**

૧. આંક–૧૫ થી ફરિયાદીની ફરિયાદ.
૨. આંક–૧૬ થી ગુનાવાળી જગ્યા અંગેનું પંચનામું.
૩. આંક–૧૭ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું.
૪. આંક–૧૮ થી મુદ્દામાલ ઓળખ અંગેનું પંચનામું.
૫. આંક–૧૯ થી સોનાના દાગીનાનું બીલ.

(૪).. ઉપરોક્ત સાહેદ તપાસ્યા બાદ ફરિયાદ પક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ, બી. એન. એસ. એસ. ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન લેવા લાયક પુરાવો પડેલ ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫).. આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓઃ–</u>**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીશ્રી તારીખ ૨૫/૦૩/૨૦૨૫ ના રોજ સવારના આશરે સાડા દસેક વાગ્યાના સુમારે મોજે ઉંઝા ખાતે શાકભાજી લેવા સારૂ બજારમાં આવેલા તે વખતે ઉંઝા બજારમાં ચિરાગ મેડીકલ પાસે આ કામના આરોપી ભેગા મળી પોતાની કબ્જાની ઓટો રીક્ષા નં.જી.જે.૦૭.ટી.વી.૮૮૪૩ ની લઈ આવી ફરીયાદીશ્રીને રીક્ષામાં પાછળનછ સીટમાં બેસાડી ફરીયાદીશ્રીની નજર

ચુકવી ફરીયાદીશ્રીએ ગળામાં પહેરેલ સોનાનો દોરો પેન્ડલ સાથેનો પોણા બે તોલા વજનનો જેની અંદાજીત કિ.રૂા.૧,૫૦,૦૦૦/– તથા જમણા હાથમાં પહેરેલ સોનાની કડલી સવા તોલા વજનની જેની અંદાજીત કિંમત રૂા. ૯૦,૦૦૦/– આમ કુલ મળી કિંમત રૂા. ૨,૪૦,૦૦૦/– ની મતાની ચોરી કરી લઈ જઈ ચોરીમાં ગયેલ અસલ મુદામાલ સાથે અગાઉ પકડાયેલ આરોપીઓ મળી આવી પકડાઈ જઈ ગુન્હામાં એકબીજાની મદદગારી કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

**(૫.૧)..** ઉપરના મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**<u>નિર્ણયોઃ</u>–**
મુદ્દા નં. ૧ – નકારમાં.
મુદ્દા નં. ૨ – આખરી હુકમ મુજબ.

**–: <u>કા ર ણો</u> :–**

**<u>મુદ્દા નંબર ૧, ૨ અન્વયે</u> :–**

**(૬)..** હાલના કેસમાં આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૫૪ અન્વયે સજાપાત્ર ગુનાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિદ્ધાંતો અન્વયે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકા રહિત પુરવાર કરવાનો સમગ્ર બોજો ફરિયાદ પક્ષના શિરે રહે છે.

**(૭)..** હાલના કેસના સમર્થનમાં રજૂ થયેલ ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લઈએ તો, આ કામે આંક–૧૪ થી ફરિયાદી પટેલ રમીલાબેન

મહેન્દ્રભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી ચાર માસ પહેલા તેઓ બજારમાં શાકભાજી લેવા માટે ગયેલ અને ઘરે પરત આવેલ ત્યારે તેણે જોયેલ તો તેમનો સોનાનો દોરો પેન્ડલ સાથે પોણા બે તોલા જેની કિંમત આશરે દોઢ લાખની, સોનાની કડલી કિંમત રૂપિયા નેવું હજાર, કુલ રૂપિયા બે લાખ ચાલીસ હાજરની ન દેખાતા તેમને તે બાબતે શોધખોળ કરેલી જે ન મળી આવતા તેમને આ દાગીના માટે ઉંઝા પોલીસ સ્ટેશને ફરિયાદ આપેલી. આ સિવાય બીજુ કંઈ બનેલ નહીં. તેમને ફરિયાદમાં સહી બતાવવમાં આવતા તેઓએ પોતાની ફરિયાદી તરીકેની સહી ઓળખી બતાવેલ છે. જે આંક–૧૫ થી રજૂ કરેલ છે. આ દાગીના હાલમાં તેમને પરત મળી ગયેલા છે. આ ચોરી બાબતે તેમને કોઈના પર શંકા કે વહેમ નથી.

આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ ન હોય તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી માગતાં એપી.પી.શ્રીને તેવી પરવાનગી આપવામાં આવેલ છે પરંતું તેમ છતાં તેમની ઉલટ તપાસથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી.

ફરિયાદપક્ષે આ સિવાય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ નથી.

## (૮).. *** પુરાવાનું મૂલ્યાંકન અને મુદ્દાઓના નિર્ણય ***

ફરીયાદપક્ષે રજુ પુરાવાનું મૂલ્યાંકન કરતાં અગાઉ ફોજદારી ન્યાય પ્રણાલીના પ્રચલિત સિધ્ધાંત અત્રે નોંધવા જરૂરી જણાય છે.

(૧) ''ફરીયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવાનો રહે છે. જો તેમ કરવામા ફરીયાદ પક્ષ સફળ થાય નહી, અને વ્યાજબી શંકાથી પર રહીને પોતાનો કેસ પુરવાર કરી શકે નહી, તો આરોપીને જે તે તહોમત બદલ દોષિત ઠરાવી શકાય નહી.''

(૨) '' કોઈ ફોજદારી કેસમાં આરોપી પોતે નિર્દોષ છે, તેવું પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર નથી. પરંતું આરોપી દોષિત છે, તે હકીકત વ્યાજબી શંકાથી પર રહીને ફરીયાદપક્ષે પુરવાર કરવાની રહે છે. આરોપીએ તો માત્ર પોતાના બચાવ ધ્વારા ફરીયાદપક્ષે રજુ પુરાવા ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન કરવાની છે.વ્યાજબી શંકા એટલે કોઈ હકીકત, બનાવ કે ઘટનાના અસ્તિત્વ વિશે સામાન્ય સમજ શકિત ધરાવતી વ્યકિતના મનમાં શંકા ઉભી થાય તેવી શંકા.

ફોજદારી ન્યાય પ્રણાલીના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામા આવે. જયાં સુધી એવી હકીકત સાબિત કરવામા ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે, ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી.

ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું છે ? તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામા આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી ? તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામા આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો, આજુબાજુના પરીબળો તે તમામે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે. નામ. સવોચ્ચ અદાલતે ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં. ૨૪૭ (ક્રિમીનલ) સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ વિરૂધ્ધ લેખરાજના ચુકાદામા ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમા કેસની પરીસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય, ત્યારે તેમાં વિરોધાભાષ, અતિરેકના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય, તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાષ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે, કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ના બેસે.

It is also our experience that invariably the witness add embroidery to prosecution story perhaps for the fear of being disbelieved, but that is not the ground to through the case erboard, if true in main. If there is ring of truth in the main, the case should not be rejected.

નામ. સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામા એવું પણ જણાવેલ છે કે ફરિયાદ પક્ષ ધ્વારા રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ

નહીં. સાહેદે આપેલી જુબાની કઈ પરીસ્થિતિમા આપેલ છે ? કઈ પરીસ્થિતિમા બનાવ બનેલ છે ?, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન,બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમા જુબાની આપેલ છે ? તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાં કન કરવું જોઈએ.

આ કામે ફરીયાદ પક્ષે રજુ ઉપરોકત પુરાવાનું મૂલ્યાં કન, આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની જે કલમો મુજબના આક્ષેપો છે, તેની કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈને નીચે મુજબની વિગતે કરવામાં આવેલ છે

(૯).. હાલના કામે ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવો વંચાણે લઈએ તો આ કામે આંક–૧૪ થી ફરિયાદી પટેલ રમીલાબેન મહેન્દ્રભાઈનો પુરાવો ધ્યાને લેતા, જણાઇ આવે છે કે, તેઓને તેમના દાગીના પરત મળી ગયેલ હોવાનું અને આ ચોરી બાબતે તેમને કોઈના પર શંકા કે વહેમ ન હોવાનું જણાવેલ છે. તેમજ સદર ફરીયાદી ફરીયાદપક્ષની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય જેથી તેમની જુબાની ઉપર આધાર રાખી આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવતું નથી. ત્યારબાદ પણ આ કામે અન્ય કોઈ સાહેદ કે પંચ સાહેદને તપાસવામાં આવેલ નથી.

વધુમાં આ કામે આંક–૧૫ થી ફરીયાદ, આંક–૧૬ થી ગુનાવાળી જગ્યા અંગેનું પંચનામું, આંક–૧૭ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું, આંક–૧૮ થી મુદ્દામાલ ઓળખ અંગેનું પંચનામું તથા આંક–૧૯ થી સોનાની બંગડીનું બીલ ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરેલ છે, જે આંકે પાડવા સામે વાંધો ન

હોવાનો બચાવ પક્ષે શેરો કરવામાં આવેલ છે, તે જોતા ફરિયાદીનો સોનાનો દોરો પેન્ડલ સાથેનો તથા સોનાની કડલીની ચોરી થયેલ હોવાની હકીકત જણાય આવેલ છે. પરંતુ ફરીયાદ પક્ષનો રેકર્ડ ઉપર આવેલ ઉપરોકત સમગ્ર પુરાવો જોતા આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈ હકીકત જણાઈ આવેલી નથી, તેવા સંજોગોમાં સંમતિથી દાખલ થયેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા બીલ તથા અન્ય પુરાવાઓ ઉપર આધાર રાખી શકાય તેમ નથી. જેથી સદર દસ્તાવેજો બચાવ પક્ષ તર્ફે કબુલ કરવામાં આવ્યા હોવા માત્રથી કે આંકે પાડવાથી આરોપીએ આક્ષેપીત ગુનાહિત કૃત્ય કર્યાની હકીકત પુરવાર થયાનુ, સબળ મૌખિક પુરાવાના અભાવે માની શકાય તેમ નથી.

આમ કે જ્યારે ફરિયાદ પક્ષે રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં હાલના આરોપીએ ફરિયાદીનો ચોરાયેલ સોનાનો દોરો પેન્ડલ સાથેનો તથા સોનાની કડલી સાથે મળી આવેલ હોય અને આરોપી પાસેથી ફરિયાદીનો ચોરાયેલ સોનાનો દોરો પેન્ડલ સાથેનો તથા સોનાની કડલી કબજે કરેલ હોય તેવું રેકર્ડ ઉપર રહેલ પુરાવાઓથી સ્પષ્ટ પુરવાર થતું નથી ત્યારે આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયોચિત જણાતું નથી.

(૧૦).. આથી, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપી સામે મૂકવામાં આવેલ આક્ષેપો ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ના હોઈ અને આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબના ગુના શંકા રહિત પુરવાર થતા ના હોઈ મુદ્દા નં."૧" નો જવાબ "નકારમાં" આપી મુદ્દા નં."૨" પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

- આ કામના આરોપી રમેશ ઉર્ફે ભોટી શંકરભાઇ અમથાભાઇ બજાણીયા, રહે.કુંભારખાડ તળાવ જી.ઇ.બી. પાસે, મહેમદાવાદ, તા.મહેમદાવાદ, જી.ખેડા. મૂળ રહે.આજોડ, લક્ષ્મીપુરા દેલવાડા રોડ પાણીની ટાંકી પાસે, તા.માણસા, જી.ગાંધીનગરનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૨૭૧ અન્વયે, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨),૫૪ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

- આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ સોનાના દાગીના અંગે ફોજદારી કેસ નં. ૪૮૨/૨૫ ના કામે થયેલ વચગાળાનો હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવેલ છે.તેથી આ કામે તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

- આરોપીએ બી. એન. એસ. એસ. ની કલમ–૪૮૧ અન્વયે અપીલ થતા સુધીના રુા.૧૫,૦૦૦/–ના જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૧લી મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૦૧/૦૫/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**દેવિન્દ્રકુમાર અશોકકુમાર રાવલ**
CODE No. GJ 01095
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઊંઝા.